# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ,આકાશવાણી, ભુજ

**DATE : 15-12-2024 DAY:SUNDAY EVENING : 6.25 TO 6.30 PM**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## CM- કચ્છ ધોરડો રણોત્સવમાં

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે કચ્છ જિલ્લાના ધોરડો ખાતે સફેદ રણની મુલાકાતે આવ્યા છે. ધોરડો ખાતે ક્રાફ્ટ બજાર-ફૂડ બજારની મુલાકાત લઈને સફેદ રણને નિહાળવાનો તેમનો કાર્યક્રમ છે.ત્યારબાદ મુખ્યમંત્રી સફેદ રણના સાંસ્કૃતિકમાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ભારતીય ટપાલ વિભાગના 'રણોત્સવ ૨૦૨૪-૨૫' થીમ આધારિત સ્પેશિયલ પોસ્ટલ કવર અને સ્પેશિયલ કેન્સલેશનનું વિમોચન કરવામાં આવશે.

આ પહેલા ધોરડો સફેદ રણની મુલાકાત માટે આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા પ્રવાસન મંત્રી મુળુભાઇ બેરાનું જિલ્લાના સાંસદ વિનોદ ચાવડા, ધારાસભ્યો અને અન્ય અગ્રણીઓએ ધોરડો હેલિપેડ ખાતે ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.

-------------------------------------------------------------------------------

## લોકસભા – એક દેશ,એક ચુંટણી

લોકસભામાં આવતીકાલે એક દેશ, એક ચૂંટણી સાથે સંબંધિત બે ખરડા રજૂ કરાશે આ માટે કેન્દ્ર સરકાર બંને ખરડાને સૂચિબદ્ધ કર્યા છે. કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ બંધારણ (129મા સુધારા) ખરડો અને કેન્દ્ર શાસિત કાયદા (સુધારા) ખરડો રજૂ કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે ગુરુવારે લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે યોજવાના વિષય ને અમલમાં મૂકવા બંધારણીય સુધારા ખરડાને મંજૂરી આપી હતી. સૂચિત બંધારણ સુધારો ખરડો લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે યોજવાની જોગવાઈ સાથે સંબંધિત હશે.

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના નેતૃત્વમાં એક દેશ એક ચૂંટણી અંગેની ઉચ્ચસ્તરની સમિતિએ દેશમાં લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે યોજવાની ભલામણ કરી હતી.

-------------------------------------------------------------------------------

## રાજ્યમાં ડિજિટલ ક્રોપ સર્વે

રાજ્યમાં રવી સીઝન શરૂ થતા રાજ્યના ૩૩ જિલ્લાના તમામ ખેતર માટે રવી ૨૦૨૪-૨૫ ડિજિટલ ક્રોપ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવશે.

આજથી રાજ્યભરમાં ૪૫ દિવસ સુધી જે-તે ગ્રામ્ય સ્તરે પસંદ કરેલા સર્વેયર દ્વારા ડિજિટલ ક્રોપ સર્વે કરવામાં આવશે. જે અંતર્ગત રાજ્યના ૩૩ જિલ્લાના ૧૮ હજાર ૪૬૪ ગામોમાં તમામ ખેતીલાયક વિસ્તારના આશરે એક કરોડથી વધારે સર્વે પ્લોટને આવરી લેવાશે.

અગાઉ મહેસૂલ વિભાગ દ્વારા પાણી પત્રક નમૂના નં. ૧૨ ની નોંધણી કરવામાં આવતી હતી, જે પૂરે પૂરી થતી નહોતી, જે ડિજિટલ ક્રોપ સર્વે થકી જે-તે સર્વે નંબર ડિજિટલાઈઝ ક્રોપ સર્વે થતાં ૧૦૦ ટકા પાણીપત્રક નમૂના નં. ૧૨ માં નોંધણી થશે. જેથી નમૂના નં. ૧૨ માં પાકની નોંધણી બાબતે ખેડૂતોને વધુ સુગમતા રહેશે.

---------------------------------------------------------------------------------------------

## રાપર : લોકસંવાદ

કચ્છના રાપર તાલુકાના બાલાસર પોલીસ મથક હેઠળના સરહદી ગામની આજે પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારે મુલાકાત લઈ લોકોના પ્રશ્નો અને ફરિયાદો જાણી હતી. વડા દ્વારા સરહદી સુરક્ષાને લઈ લોક સંવાદ કાર્યક્રમ યો યો હતો. આ વેળાએ સરહદને લગતા વિવિધ પ્રશ્નો અંગે લોકો સાથે પ્રશ્નોત્તરી કરી હતી.અને ખૂટતી કડીઓ અંગે માહિતી મેળવી પોલીસ કર્મચારીઓ ઓને  રૂરી સૂચનો કર્યા હતા. આ વેળાએ બાલાસર પીએસઆઇ એસવી ચૌધરી અને સ્ટાફના કર્મીઓ હા ર રહ્યા હતા.

--------------------------------------------------------------------------------------

## હવામાન:

ગુજરાતમાં ઠંડીનો ચમકારો વર્તાઈ રહ્યો છે ત્યારે કચ્છના  નલિયામાં **6** ડિગ્રી તાપમાન સાથે કોલ્ડવેવની અસર વર્તાઈ રહી છે. કાતિલ ઠંડી સાથે બર્ફિલા પવનો ફૂકાતા લોકો ઘરની ઘરની બહાર નિકળવાનું ટાળી રહ્યા છે, આ સાથે જ રાજ્યના સાત જિલ્લામાં **12** ડિગ્રી સેલ્સિયસથી પણ ઓછું તાપમાન નોંધાતા લોકો ઠુંઠવાયા છે.બીજી તરફ રાજસ્થાનમાં સતત ત્રણ દિવસથી માઈનસ બે(-૨) ડિગ્રી તાપમાન નોંધાઈ રહ્યું છે. તો માઈનસ ત્રણ(-3) ડિગ્રી સાથે આબુનો માહોલ પણ કાશ્મીર જેવો રહ્યો છે. બરફની ચાદર છવાતા લોકો ઠંડીની મજા પણ લઈ રહ્યાં છે.

બર્ફિલા પવનોથી દિવસે પણ ઠંડીની અસર ઉત્તર દિશા તરફથી આવતા બર્ફિલા પવનોને કારણે નલિયા સહિત સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર તથા મધ્ય ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે.આગામી **24** કલાક હજુ પણ ગુજરાતનું વાતાવરણ આ પ્રકારે જ રહેવાની હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે. રાત્રિની સાથે દિવસ દરમિયાન પણ ઠંડા પવનો ફુંકાતા દિવસે પણ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

-----------------------------------------------------------------------------------

## <u>સ્મૃતિવન :</u>

કચ્છના પ્રવાસે આવી રહેલા પ્રવાસીઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને સ્મૃતિવન ભૂકંપ સંગ્રહાલય અને સ્મારક આવતીકાલ તા.૧૬ ડિસેમ્બરે ખુલ્લું રહેશે અને 18 ડિસેમ્બરે બુધવારે બંધ રહેશે. તેવું સ્મૃતિવન ઓથોરિટી દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

-----------------------------------------------------------------------------------

## <u>ધનારક પ્રારંભ :</u>

આજથી હિન્દુ પરંપરા અનુસાર  ધનુરમાસનો આરંભ થાય છે. સૂર્યનારાયણ નો આજથી ધનુરાશીમાં પ્રવશ થતાં ધનારક કમૂર્તા શરૂ થાય છે.

આજ થી એક માસ એટલે કે મકરસંક્રાંતિ  સુધી લગ્ન, મકાનવાસ્તુ, જેવાં મંગલ કાર્યો ને વર્જ્ય ગણવા માં આવે છે. સ્વામિનારાયણ સંપ્રદાય માં આ માસ દરમ્યાન ધાર્મિક કાર્યક્રમો નું આયોજન થાય છે.

-----------------------------------------------------------------------------------

## <u>દિવ્યાંગ રમતોસવ :</u>

નવચેતન અંધજન મંડળ, વિવિધ સહયોગી સંસ્થા ઉપક્રમે સહજાનંદ સ્પોર્ટસ ક્લબ ખાતે તા.**22** ડીસેમ્બર ના જિલ્લાના રાપરથી લખપત સુધીના **10** તાલુકાના **1500**થી વધારે દિવ્યાંગ ખેલાડીઓ **66** જેટલી જુદી જુદી રમતમાં ભાગ લઇ પોતાનું કૌવત બતાવશે.

-----------------------------------------------------------------------------------